RAJHANS

ગોપીતળાવ
નવસારી બજાર, સુરત

પતિ પત્નિ ઔર વો દો — ૯.૪૫, ૧૨.૧૫, ૨.૪૫, ૫.૩૦, રાત્રે ૮.૦૦, ૧૦.૧૫

આખરી સવાલ — ૧૦.૧૫, ૩.૦૦, ૭.૩૦, રાત્રે ૧૦.૦૦

કૃષ્ણાવતારમ-1 — ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, રાત્રે ૯.૪૫

ધબકારો — ગુજરાતી : ૧૨.૩૦, ૫.૧૫

થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA
ફ્ક્કી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
☎: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm
@applecinemasurat

ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.

કોમેડી મ્યુઝીકલ | સસ્પેન્સ ગુજરાતી | સત્ય ઘટના પર

પતિ પત્નિ ઔર વો દો — ૯.૧૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૩૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૧૫, ૫.૦૦, ૬.૩૦, રાત્રે ૮.૧૦, ૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦

ધરપકડ — ૯.૧૦, ૧૧.૫૦, ૨.૨૦, ૪.૪૦, ૭.૦૦, રાત્રે ૯.૨૦

આખરી સવાલ — ૯.૧૦, ૩.૨૦, ૬.૦૦, રાત્રે ૧૧.૧૫

ધબકારો — (ગુજરાતી)૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, રાત્રે ૯.૩૦

કૃષ્ણાવતારમ-1 — હિન્દી : ૯.૦૦, ૧૧.૩૦,૨.૧૦, ૪.૦૦, ૭.૧૫, રાત્રે ૧૦.૦૦

રાજા શિવાજી — ૯.૦૦, ૧૨.૨૦, ૩.૨૫, ૬.૫૦, રાત્રે ૧૦.૨૫

ભૂતબંગલા — ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, રાત્રે ૧૦.૦૦

દાદી કી શાદી — ૧૨.૩૦, રાત્રે ૮.૧૫

વાંકીચૂકી લવસ્ટોરી — ગુજરાતી : ૭.૦૦

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઝોમ્બીઝ — ખતરનાક હોરર હિન્દી એક શો : ૫.૩૫

જાહેરનામુ
મહેસૂલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
(જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર
અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦ મો)

જિલ્લો : સુરત. 29 APR 2026
ક્રમાંકઃ- અમ-મ-૨૦૨૬-૪૦૬-જસત-૧૨૨૦૨૬-૨૧૫-ઘ તા. / /૨૦૨૬

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩)(૨૦૧૩ નો ૩૦મો) ની કલમ- ૧૧ ની પેટા-કલમ (૧) (હવે પછી તેનો ઉલ્લેખ "અધિનિયમ' તરીકે કરવામાં આવશે) ગુજરાત સરકાર આથી જાહેર કરે છે કે આ સાથે જોડેલ પરિશિષ્ટમાં બતાવવામાં આવેલ જમીનની જાહેર હિતના હેતુ માટે એટલે કે, "એન્ટ્રી એક્ઝીટ ૧-૨ અને રોડ એરીયા સાથે એક્વેરીયમ મેટ્રો સ્ટેશન" અર્થે જરૂર છે.

[૨] આથી જાહેર કરે છે કે,

૧. ઉપર જણાવેલ પ્રોજેક્ટ માટે જરૂરી જમીન કુલ ક્ષેત્રફળ ૧૬૭૯.૦૦ ચો.મી. છે અને તે મોજેઃ અડાજણ, તા.અડાજણ સુરત જિલ્લામાં આવેલ છે.

૨. ઉપર જણાવેલ પ્રોજેક્ટમાં નીચે મુજબના જાહેર હિતનો સમાવેશ થાય છે. "એન્ટ્રી એક્ઝીટ ૧-૨ અને રોડ એરીયા સાથે -એક્વેરીયમ મેટ્રો સ્ટેશન"

૩. અસરગ્રસ્ત વ્યકિતઓને ખસેડવાની જરૂરના કારણો નીચે મુજબ છે." એન્ટ્રી એક્ઝીટ ૧-૨ અને રોડ એરીયા સાથે એક્વેરીયમ મેટ્રો સ્ટેશન " ના આંતર માળખાકીય પ્રોજેક્ટના બાંધકામના જાહેર હેતુ માટે અનુસૂચિત વિસ્તારની જમીનના સંપાદનને કારણે.

૪. ગુજરાત અધિનિયમ-૧૨/૨૦૧૬ની કલમ-૧૦(એ) હેઠળ મહેસુલ વિભાગ, ગુજરાત સરકારના જાહેરનામા ક્રમાંકઃ- અમ- મ-૨૦૨૬-૧૯૪-જસત-૧૨૨૦૨૬-૨૧૫-ઘ તા.૧૮/૦૨/૨૦૨૬ થી મુક્તિ આપવામાં આવેલ છે. આથી ઉક્ત અધિનિયમની કલમ-૧૦(એ) હેઠળ સામાજિક અસરોના મૂલ્યાંકનનો સંક્ષિપ્ત અહેવાલ આપવો જરૂરી નથી.

૫. અધિનિયમની કલમ-૪૩ હેઠળ નિયુક્ત કરવામાં આવેલ વહીવટદારની વિગતો નીચે મુજબ છે. ખાસ જમીન સંપાદન અધિકારી, શાખા નં.૪, સુરત.

[૩] આ જમીનમાં હિત ધરાવતી બધી વ્યકિતઓને આથી જાણ કરવામાં આવે છે કે કોઈ પણ સર્વેયરને અથવા અન્ય કર્મચારીઓને આ જમીન પર દાખલ થવા અને જમીનનો સર્વે કરતા અટકાવવા નહી. આ જાહેરનામું બહાર પડયા બાદ કલેકટરની પરવાનગી વગર આ જમીનની કે તેના કોઈ ભાગની કોઈપણ સ્વરૂપે તબદીલી જેમાં વેચાણ, ભાડા પટ્ટે આપવી, ગીરવે મૂકવી, નામ બદલવુ અથવા નોંધણીમાં ફેરફાર કરવા નહી. જો તેમ કરવામાં આવે તો, અધિનિયમની કલમ-૨૭ હેઠળ જમીન સંપાદન વખતે વળતરનું મૂલ્યાંકન કરતી વખતે આવા ફેરફાર પર વિચારણા કરવામાં નહી આવે.

[૪] ગુજરાત સરકારને જો ઉપર જણાવેલ જાહેર હેતુ માટે જમીન સંપાદન કરવા અંગે સંતોષ થશે તો અધિનિયમની કલમ-૧૯ હેઠળ, અધિનિયમમાં નિયત કરેલ સમયમર્યાદાની અંદર આખરી જાહેરનામુ બહાર પાડશે. જો સંપાદન કરવાનું આંશિક રીતે અથવા પૂરેપૂરી રીતે રદ કરવામાં આવે તો આવી હકીકત અધિનિયમની જોગવાઈ મુજબ યોગ્ય રીતે જાહેર કરાશે.

[૫] અધિનિયમની કલમ-૩ ના ખંડ (જી) હેઠળ મળેલ સત્તાની રૂએ ખાસ જમીન સંપાદન અધિકારી શાખા નં.૪, સુરતને અધિનિયમની જોગવાઈઓ હેઠળ આ જમીનો માટે કલેકટર તરીકેની ફરજો બજાવવા માટે નિયુક્ત કરે છે.

[૬] આ જાહેરનામાની પ્રસિધ્ધિની તારીખથી ૬૦ દિવસની અંદર, આ અધિનિયમની કલમ-૧૫ હેઠળ જો કોઈને સંપાદન બાબતે વાંધો હોય તો તેઓ કલમ-૧૫ હેઠળ ખાસ જમીન સંપાદન અધિકારી શાખા નં.૪, સુરતને રજુઆત કરી શકશે

પરિશિષ્ટ

ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ સુરત કોરીડોર-૨
("એન્ટ્રી એક્ઝીટ ૧-૨ અને રોડ એરીયા સાથે એક્વેરીયમ મેટ્રો સ્ટેશન")

મોજે :- અડાજણ તાલુકો :- અડાજણ જિલ્લો :- સુરત

અ.નં.	ગામ	ટી.પી. નં.	એફ.પી. નં.	સી.ટી.એસ.નં.	સંપાદિત જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.)
૧	અડાજણ	૩૧	૪૩	૪૩	૧૨૫.૦૦
૨	અડાજણ	૩૧	૪૭	૪૭	૨૦૦.૩૩
૩	અડાજણ	૩૧	૪૮	૪૮	૮૪૪.૦૨
૪	અડાજણ	૩૧	૫૪	૫૪	૫૦૯.૬૫
કુલ ક્ષેત્રફળ					૧૬૭૯.૦૦

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે
ક્રમાંક. માહિતી-સૂરત/૧૩૩/૨૦૨૬

અનુસંધાન ... પાના ત્રીજાનું

ચાંદીમાં 21,600નો...

બંધ સત્રમાં રૂ. ૧,૬૬,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામ હતો. ચાંદીના ભાવમાં પણ રૂ. ૨૧,૬૦૦ અથવા ૭.૩ ટકાનો ભારે ઘટાડો નોંધાયો હતો અને તે રૂ. ૨,૭૫,૦૦૦ પ્રતિ કિલો(તમામ વેરા સહિત) પર આવી ગઈ હતી. આ શ્વેત ધાતુ અગાઉના સત્રમાં રૂ. ૨,૯૬,૬૦૦ પ્રતિ કિલો પર બંધ થઈ હતી. HDFC સિક્યોરિટીઝના કોમોડિટીઝ વિભાગના સિનિયર એનાલિસ્ટ સૌમિલ ગાંધીએ જણાવ્યું હતું કે, શુક્રવારે કિંમતી ધાતુઓ પર ભારે વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું.

ભોજશાલાના સ્થળને...

માટે અલગ જમીનની ફાળવણી માટે રાજ્ય સરકારનો સંપર્ક કરી શકે છે. ભોજશાલા મંદિર-કમાલ મૌલા મસ્જિદ સંકુલ વિવાદમાં પોતાના બહુપ્રતીક્ષિત ચુકાદામાં, કોર્ટે અવલોકન કર્યું કે ભોજશાલામાં સંસ્કૃત શિક્ષણ કેન્દ્ર અને દેવી સરસ્વતીનું મંદિર અસ્તિત્વમાં હોવાના સંકેતો છે. હાઈકોર્ટે હિન્દુ સમુદાય દ્વારા દાખલ કરવામાં આવેલી બે જાહેર હિતની અરજીઓનો સ્વીકાર કર્યો અને આ મધ્યયુગીન સ્મારકના ધાર્મિક સ્વરૂપને દેવી સરસ્વતીના મંદિર તરીકે સ્થાપિત કર્યું. ભોજશાલા-કમલ મૌલા મસ્જિદના વિવાદિત સંકુલનું ધાર્મિક સ્વરૂપ દેવી સરસ્વતીના મંદિર તરીકે સ્થાપિત થાય છે, તેમ જસ્ટિસ વિજય કુમાર શુક્લા અને આલોક અવસ્થીની ડિવિઝન બેન્ચે પોતાના ૨૪૨ પાનાના ચુકાદામાં જાહેર કર્યું હતું. બેન્ચે આ મામલાને લગતી પાંચ અરજીઓ અને એક રિટ અપીલ પર ચુકાદો આપ્યો હતો. કોર્ટે ૬ એપ્રિલથી ભોજશાલા કેસમાં નિયમિત સુનાવણી શરૂ કરી હતી અને તમામ સંબંધિત પક્ષોની દલીલો રજૂ થયા બાદ ૧૨ મેના રોજ પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

ચુકાદા ટાણે હાઇકોર્ટમાં કડક સુરક્ષા

હાઈકોર્ટના ચુકાદા પહેલા સંકુલ અને તેની આસપાસ આશરે ૧,૨૦૦ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. ધારના કલેક્ટર રાજીવ રંજન મીનાએ સોશિયલ મીડિયા પર વાંધાજનક સામગ્રી ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહીની ચેતવણી આપી હતી, કારણ કે વહીવટીતંત્રે એવા સ્થળે બેરિકેડ્સ લગાવ્યા હતા જ્યાં શુક્રવારની નમાઝ અને કોર્ટનો ચુકાદો એક જ દિવસે હતા.

ભોજશાલા જૈન મંદિર હોવાનો પણ દાવો થયો હતો

હિન્દુ સમુદાય ભોજશાલાને વાગ્દેવીનું મંદિર માનતો હતો, જ્યારે મુસ્લિમ પક્ષ તેને કમાલ મૌલા મસ્જિદ કહેતો હતો. ત્યારે જૈન સમુદાયના એક અરજદારે પણ દાવો કર્યો હતો કે આ સંકુલ મધ્યયુગીન જૈન મંદિર અને ગુરુકુળ હતું. મંદિરમાં મૂર્તિ સરસ્વતીની છે કે મા અંબિકાની છે એ વિવાદ સંદર્ભમાં કોર્ટે કહ્યું હતું કે ભારતમાં હિન્દુવાદ અને જૈનવાદ બે જુદી બાબતો નથી.

એક હિન્દુ...

છે. શુક્રવારે ઈન્દોરમાં હાઈકોર્ટની બેન્ચે જે કેસમાં નિર્ણય આપ્યો હતો તેમાં વિશેન છઠ્ઠા અરજદાર હતા. હિન્દુ પક્ષ માટે મોટી જીતમાં, મધ્યપ્રદેશ હાઈકોર્ટે શુક્રવારે જાહેર કર્યું કે ધાર જિલ્લામાં વિવાદિત ભોજશાલા સંકુલ દેવી સરસ્વતીને સમર્પિત મંદિર હતું, અને કેન્દ્ર અને ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ તેના વહીવટ અને સંચાલન અંગે નિર્ણય લઈ શકે છે.

યુએઇમાં મોદીના...

તરત જ તેને લશ્કરી વિમાનોની એક ટુકડી મળી હતી. અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે, સ્કવોડ્રન લીડરે સ્વાગતના પ્રતીક રૂપે વિમાનને એરપોર્ટ સુધી એસ્કોર્ટ કરવાની પરવાનગી માંગી હતી. બંને દેશો વચ્ચેના ગાઢ મૈત્રીપૂર્ણ સંબંધોને દર્શાવતા, શેખ મોહમ્મદ બિન જાયદે વડાપ્રધાન મોદીનું આગમન પર જાતે સ્વાગત કર્યું હતું.

NEET પેપર...

અઠવાડિયા દરમિયાન, તેમણે અન્ય એક આરોપી મનીષા વાઘમારેની મદદથી વિદ્યાર્થીઓને એકઠા કર્યા હતા, જેની સીબીઆઈ દ્વારા ૧૪ મેના રોજ ધરપકડ કરવામાં આવી હતી. પ્રવક્તાના જણાવ્યા અનુસાર, વિદ્યાર્થીઓએ આ સ્પેશિયલ સેશન્સમાં હાજર રહેવા માટે કથિત રીતે લાખો રૂપિયા ચૂકવ્યા હતા, જ્યાં તેમણે પ્રશ્નો પોતાની નોટબુકમાં લખ્યા હતા અને બાદમાં તે ૩ મેના રોજ લેવાયેલી વાસ્તવિક નીટ યુજી પરીક્ષાના પેપર સાથે બિલકુલ મેચ થતા હતા.

ભારત-યુએઇ વચ્ચે...

• **મહત્વ:** LPG સપ્લાય મજબૂત થશે, આર્થિક ભાગીદારી વધશે. • વ્યુહાત્મક સંરક્ષણ સહકાર કરાર • **મહત્વ:** સંરક્ષણ સહયોગ, ટેકનોલોજી શેર કરવા અને સુરક્ષાને મજબૂતી મળશે. • વાડિનાર પોર્ટ, ગુજરાતમાં શિપ રિપ ર ક્લસ્ટર બનાવવા અંગે કરા • **મહત્વ:** શિપિંગ અને દરિયાકાંઠાનું માળખું (કોસ્ટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર) મજબૂત થશે અને 'મેક ઇન ઇન્ડિયા'ને પ્રોત્સાહન મળશે. • જહાજ રિપેરિંગમાં કૌશલ્ય વિકાસ પર કરાર • **મહત્વ:** દરિયાઈ કાર્યબળની ક્ષમતા વધશે અને ભારત શિપબિલ્ડિંગ-રિપેરિંગ તેમજ સ્કિલ હબ બનશે. • સુપરકોમ્પ્યુટિંગ ક્લસ્ટર પાર્ટનરશિપ કરાર • **મહત્વ:** સુપરકોમ્પ્યુટર ક્લસ્ટરથી AI મિશનને પ્રોત્સાહન મળશે. • UAEનો ભારતમાં 5 અબજ ડોલર રોકાણ કરવાનો વાયદો • **મહત્વ:** રોકાણથી રોજગારી વધશે અને ભારત-UAE વિકાસ ભાગીદારી મજબૂત બનશે.

મોદીની 2.5...

વાતચીત દરમિયાન જણાવ્યું હતું. આ બેઠક દરમિયાન બંને પક્ષોએ ઉર્જા, સંરક્ષણ અને ટેક્નોલોજીના ક્ષેત્રોમાં વ્યૂહાત્મક સહયોગને મજબૂત કરવા માટે કરારો પર હસ્તાક્ષર કર્યા હતા. યુએઈએ ભારતમાં ૫ અબજ યુએસ ડોલરના રોકાણની જાહેરાત પણ કરી છે, તેમ મોદીએ જણાવ્યું હતું. મોદી અને અલ નાહયાનની આ બેઠક વડાપ્રધાનના પાંચ દેશોના પ્રવાસના પ્રથમ તબક્કામાં ખાડી દેશમાં ઉતરાણ કર્યાના થોડા જ સમય બાદ યોજાઈ હતી. આ પ્રવાસમાં અન્ય ચાર યુરોપિયન દેશોનો પણ સમાવેશ થાય છે. વડાપ્રધાન માટે યુએઈ આશરે અઢી કલાકનો સ્ટોપઓવર હતો, જે બાદ તેઓ નેધરલેન્ડ જવા રવાના થયા હતા.

આ તો માત્ર...

લોકસભા ચૂંટણી પહેલા 2નો ઘટાડો થયો હતો). હવે લાંબા સમય બાદ ફરીથી ભાવ વધારાનો દોર શરૂ થયો છે. વર્ષ 2022 માં જ્યારે રશિયા-યુક્રેન યુદ્ધ થયું, ત્યારે તેલની કિંમતો આસમાને પહોંચી હતી. એ સમયે માર્ચ-એપ્રિલ મહિનામાં 15 દિવસમાંથી 13 દિવસ સુધી સતત ભાવ વધારો જોવા મળ્યો હતો, જેમાં ઘણા દિવસો સુધી 80 પૈસા પ્રતિ લિટરનો વધારો થતો રહ્યો હતો. ઈતિહાસ મુજબ તેલ કંપનીઓ એકસાથે મોટો ભાવવધારો કરવાને બદલે હસે-હસે કિંમતો વધારે છે.

પેટ્રોલની નિકાસ...

મેથી અમલી બનશે. નાણા મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે સ્થાનિક વપરાશ માટેના પેટ્રોલ-ડીઝલના ડ્યુટી દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ નિર્ણય પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ દરમિયાન દેશમાં ઈંધણની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો છે.

પેટ્રોલ, ડીઝલના ભાવમાં...

ઈંધણના ભાવ જુદા-જુદા હોય છે. દિલ્હી અને મુંબઈ સહિતના શહેરોમાં કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ(CNG)ના ભાવમાં પણ પ્રતિ કિલો ૨ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં હવે સીએનજીની કિંમત ૭૯.૦૯ રૂપિયા પ્રતિ કિલો અને મુંબઈમાં ૮૪ રૂપિયા થઈ ગઈ છે. જો કે, રસોઈ માટે ઘરગથ્થુ રસોડામાં પાઈપ દ્વારા અપાતા નેચરલ ગેસ(PNG) તેમજ ઘરેલું રાંધણ ગેસ(LPG) ના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ૨૮ ફેબ્રુઆરીના રોજ ઈરાન પર અમેરિકા-ઇઝરાયેલના હુમલા અને ત્યારબાદ તેહરાનના વળતા પ્રહારોને કારણે વૈશ્વિક તેલ શિપમેન્ટ માટેના મુખ્ય માર્ગ હોર્મુઝની સામુદ્રધુનીમાંથી તેલનો પુરવઠો ખોરવાતા વૈશ્વિક ક્રૂડના ભાવમાં ૫૦ ટકાથી વધુનો ઉછાળો આવ્યો છે. આ ઉછાળો હોવા છતાં, સરકારના જણાવ્યા અનુસાર સંવેદનશીલ ગ્રાહકોને વૈશ્વિક ઊર્જાના ઊંચા ભાવોથી બચાવવાના પ્રયાસરૂપે છૂટક ઇંધણના દરો બે વર્ષ જૂના ભાવ પર સ્થિર રાખવામાં આવ્યા હતા. પરંતુ વિરોધ પક્ષોએ આ પગલાં પાછળ રાજકીય હેતુઓ જોયા હતા કારણ કે મુખ્ય રાજ્યોમાં ચૂંટણીઓ ચાલી રહી હતી. ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ અને પશ્ચિમ બંગાળ સહિત પાંચમાંથી ત્રણ રાજ્યો જીતીને સત્તાધારી ભારતીય જનતા પાર્ટીએ પોતાનો પ્રભાવ વધાર્યા પછી ઇંધણના ભાવમાં આ વધારો કરવામાં આવ્યો છે. આ વધારા પછી, પેટ્રોલ અને ડીઝલના ભાવ હવે મે ૨૦૨૨ પછીના સૌથી સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આ ભાવવધારા અંગે સરકાર પર પ્રહારો કરતા કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના વહીવટીતંત્રની ભૂલોની કિંમત જનતાને ચૂકવવાની ફરજ પડી રહી છે. ગાંધીએ એક્સ (X) પર એક પોસ્ટમાં જણાવ્યું કે, ભૂલ મોદી સરકારની, કિંમત જનતા ચૂકવશે. ૩ રૂપિયાનો આંચકો તો આવી ગયો છે, બાકીની 'વસૂલાત' હપ્તાઓમાં કરવામાં આવશે. બીજી તરફ ભાજપે આ નિર્ણયનો બચાવ કરતા કહ્યું કે, સરકારે ગ્રાહકોને વૈશ્વિક તેલના આંચકાથી બે મહિનાથી વધુ સમય સુધી બચાવી રાખ્યા અને માત્ર ૩.૨ થી ૩.૪ ટકાનો મર્યાદિત અને ગણતરીપૂર્વકનો વધારો જ લાગુ કર્યો છે.

ચોમાસુ આ વર્ષે...

મહિનાની આ ચોમાસાની ઋતુ દેશના વાર્ષિક વરસાદના લગભગ ૭૦ ટકા વરસાદ લાવે છે. તે કૃષિ અને પાક માટે, સમગ્ર અર્થતંત્ર માટે અને જળાશયો તેમજ ભૂગર્ભ જળને રિચાર્જ કરવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. જો કે, IMD એ સંકેત આપ્યો છે કે આ વર્ષે ચોમાસાની ઋતુ દરમિયાન ભારતમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થઈ શકે છે. ચોમાસાના મહિનાઓમાં દેશમાં ૮૦ સેમી વરસાદ થવાની સંભાવના છે, જ્યારે લાંબા ગાળાની સરેરાશ (૧૯૭૧-૨૦૨૦) મોસમી વરસાદ ૮૭ સેમી છે.

વિમાન ભાડાઓને...

લક્ષ્મીનારાયણન દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી રહી હતી. આ અરજીમાં એક મજબૂત અને સ્વતંત્ર નિયમનકારની માંગ કરવામાં આવી છે, જે સમગ્ર નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં પારદર્શિતા અને મુસાફરોના હિતોનું રક્ષણ સુનિશ્ચિત કરે. સાથે જ ભારતમાં ખાનગી એરલાઈન્સ દ્વારા લાદવામાં આવતા વિમાન ભાડા અને આનુષંગિક ચાર્જિસમાં થતા અણધાર્યા ઉતાર-ચઢાવને નિયંત્રિત કરવા માટે નિયમનકારી માર્ગદર્શિકાની પણ માંગ કરવામાં આવી છે.

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ

સત્ય ઘટના પર આધારિત

આખરી સવાલ
સંજયદત્તનો શાનદાર અભિનય
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

જબરજસ્ત ફુલ એક્શન સ્ટોરી



ડાકોઈટ
મૃણાલ ઠાકુર, અવિદી શેશ, પ્રકાશરાજ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

ડોનાલ્ડ ટ્રમ્પ ખાલી હાથે બેઈજિંગ ગયા હતા અને ખાલી હાથે પાછા ફર્યા છે

ટ્રુથ પોઇન્ટ
■ સંજય વોરા ■

આખી દુનિયા જેની આતુરતાથી રાહ જોઈ રહી હતી તે ડોનાલ્ડ ટ્રમ્પ અને શી જિનપિંગ સાથેની મુલાકાત આખરે પૂરી થઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પ ખાલી હાથે આવ્યા હતા અને ખાલી હાથે પાછા ફર્યા છે. શી જિનપિંગે ડોનાલ્ડ ટ્રમ્પને બેઇજિંગમાં બોલાવી પોતાની બોડી લેન્ગવેજ દ્વારા સાબિત કરી દીધું છે કે વિશ્વની ખરી મહાસત્તા કોણ છે. શી જિનપિંગે શબ્દો ચોર્યા વિના અમેરિકાને પતનશીલ રાષ્ટ્ર કહ્યું, જેનો ડોનાલ્ડ ટ્રમ્પે પણ પોતાના એંગલથી સ્વીકાર કરવો પડ્યો. ડોનાલ્ડ ટ્રમ્પના ચીન પ્રવાસ પહેલાં અમેરિકાના મીડિયામાં ચર્ચા ચાલી રહી હતી કે ચીન અમેરિકામાં એક ટ્રિલિયન ડોલરનું રોકાણ કરવાનું વચન આપશે. શી જિનપિંગે એવું કોઈ વચન આપ્યું નથી. ડોનાલ્ડ ટ્રમ્પ જે ૩૦ બિઝનેસ ટાયકૂનોનો કાફલો લઈને ગયા હતા, તેમને પણ ખાસ કોઈ વકરો થયો નથી. અમેરિકા ચીન તરફથી રેર અર્થ મિનરલ્સની બાબતમાં કંઈક હૈયાધારણ ઇચ્છતું હતું, પણ ચીને અમેરિકાને કોઈ વચન આપ્યું નથી. ચીન હોર્મુઝની સામુદ્રધુની ખુલ્લી રાખવા માટે ઈરાન પર દબાણ લાવવાની બાબતમાં પણ કોઈ નક્કર આશ્વાસન આપવા તૈયાર થયું નથી.

આ મુલાકાતમાં બંને નેતાઓએ તાઇવાન જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર પણ ચર્ચા કરી. શી જિનપિંગે ડોનાલ્ડ ટ્રમ્પને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું કે જો તમે તાઈવાનની બાબતમાં માથું મારશો તો સંઘર્ષ થયા વિના રહેશે નહીં. આ વાતચીત દરમિયાન જિનપિંગે થુસીડાઇડ્સ ટ્રેપ વાક્યનો ઉલ્લેખ કર્યો, જેનું ગંભીર અર્થઘટન થઈ શકે છે. હકીક્તમાં થુસીડાઇડ્સ ટ્રેપ એ વૈશ્વિક રાજકારણમાં વપરાતો એક જાણીતો શબ્દસમૂહ છે. હાર્વર્ડના રાજકીય વૈજ્ઞાનિક ગ્રેહામ એલિસને આ શબ્દસમૂહને લોકપ્રિય બનાવ્યો. એલિસને તેને પ્રાચીન ગ્રીક ઇતિહાસકાર થુસીડાઇડ્સનાં લખાણોમાંથી મેળવ્યો હતો. થુસીડાઇડ્સે લગભગ ૨,૫૦૦ વર્ષ પહેલાં એથેન્સ અને સ્પાર્ટા વચ્ચેના પેલોપોનેશિયન યુદ્ધનું વિશ્લેષણ કર્યું હતું. તેમણે તારણ કાઢ્યું હતું કે એથેન્સનો ઉદય અને તેનાથી સ્પાર્ટામાં પેદા થયેલો ભય યુદ્ધનું કારણ હતાં. આજે આવું વાતાવરણ પેદા થયું છે.

વૈજ્ઞાનિક ગ્રેહામ એલિસને થુસીડાઇડ્સના વિચારને આધુનિક ભૂરાજનીતિ સાથે સરખાવ્યા હતા. તેમણે દલીલ કરી હતી કે જ્યારે કોઈ ઉભરતી શક્તિ સ્થાપિત શક્તિને પડકારે છે, ત્યારે તણાવ ઉત્પન્ન થાય છે, જે સંઘર્ષની શક્યતા વધારે છે. બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે ઉભરતી શક્તિ અને સ્થાપિત શક્તિ સંઘર્ષ તરફ આગળ વધે છે ત્યારે થુસીડાઇડ્સ ટ્રેપ ઉભરી આવે છે. શી જિનપિંગે તેમની વાતચીતમાં ટ્રમ્પને પૂછ્યું કે શું ચીન અને અમેરિકા થુસીડાઇડ્સ ટ્રેપથી ઉપર ઊઠી શકે છે અને સહયોગ અને સ્થિરતાનું નવું મોડેલ સ્થાપિત કરી શકે છે. શું આપણે વૈશ્વિક પડકારોનો સામનો કરવા અને વિશ્વમાં વધુ સ્થિરતા લાવવા માટે હાથ મિલાવી શકીએ છીએ? શી જિનપિંગના આ નિવેદનને અમેરિકા-ચીન સંબંધો સુધારવા તરફના એક મોટા સંકેત તરીકે જોવામાં આવી રહ્યું છે. એવા સમયે જ્યારે બંને દેશો વચ્ચે વિવિધ મુદ્દાઓ પર તણાવ વધી રહ્યો છે ત્યારે શી જિનપિંગના થુસીડાઇડ્સ ટ્રેપ નિવેદનનું ગંભીર અર્થઘટન કરવામાં આવી રહ્યું છે.

ઈરાન યુદ્ધ, ઊર્જા સુરક્ષા અને વેપાર જેવા વિવિધ મુદ્દાઓ પર વ્યાપક ચર્ચાઓ વચ્ચે, ચીનના રાષ્ટ્રપતિએ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ચેતવણી આપી હતી કે તાઇવાન મુદ્દાને ખોટી રીતે હાથ ધરવાથી બંને દેશો વચ્ચે મુકાબલો અને સંઘર્ષ પણ થઈ શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પની ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની રાજદ્વારી મુલાકાત દરમિયાન એક નિવેદને વિશ્વનું ધ્યાન ખેંચ્યું હતું. શી જિનપિંગે અમેરિકાને પતનશીલ રાષ્ટ્ર તરીકે વર્ણવ્યું. બેઇજિંગમાં આ બેઠક દરમિયાન શી જિનપિંગે જે રીતે અમેરિકાને પતનશીલ રાષ્ટ્ર તરીકે વર્ણવ્યું તે ડોનાલ્ડ ટ્રમ્પ માટે એક મોટો રાજદ્વારી આંચકો માનવામાં આવી રહ્યો છે. જો કે, ડોનાલ્ડ ટ્રમ્પ તમાચો મારીને ગાલ લાલ કરતાં આ નિવેદનનું અલગ રીતે અર્થઘટન કરી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે દલીલ કરી હતી કે શી જિનપિંગ જો બિડેનના કાર્યકાળ દરમિયાન અમેરિકાને થયેલા નુકસાનનો ઉલ્લેખ કરી રહ્યા હતા. ડોનાલ્ડ ટ્રમ્પે આ નિવેદનને પોતાની રીતે સમજાવતા કહ્યું કે તેમના સત્તામાં પાછા ફર્યા પછી અમેરિકા ફરી એક વાર વિશ્વની સૌથી શક્તિશાળી આર્થિક અને લશ્કરી શક્તિ બની ગયું છે.

ડોનાલ્ડ ટ્રમ્પે ટ્રુથ સોશ્યલ પરની એક પોસ્ટમાં અમેરિકાની વર્તમાન વૈશ્વિક સ્થિતિનો બચાવ કર્યો હતો અને ફરી એક વાર બિડેન રાષ્ટ્રપતિની ટીકા કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પે લખ્યું કે જ્યારે રાષ્ટ્રપતિ શીએ આટલી નાજુકતાથી અમેરિકાને સંભવિત રીતે પતનશીલ રાષ્ટ્ર કહ્યું ત્યારે તેઓ નિદ્રાધીન જો બિડેન વહીવટીતંત્રનાં ચાર વર્ષ દરમિયાન થયેલા પ્રચંડ નુકસાનનો ઉલ્લેખ કરી રહ્યા હતા અને આ બાબતે શી જિનપિંગ ૧૦૦ ટકા સાચા છે. બે વર્ષ પહેલાં આપણે ખરેખર પતનનો સામનો કરી રહેલ રાષ્ટ્ર હતા. હું આ બાબતે રાષ્ટ્રપતિ શી સાથે સંપૂર્ણપણે સહમત છું.

આ મુલાકાતનું સૌથી મહત્ત્વનું પાસું એ હતું કે તે ચીનને અમેરિકા સાથે સમાન સ્તરે રાખે છે. આ એવી બાબત છે જેના પર ચીનના નેતા શી જિનપિંગ લાંબા સમયથી વૈશ્વિક રાજદ્વારીમાં ભાર મૂકે છે. ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરનાં વર્ષોમાં વારંવાર ચીનની ટીકા કરી છે અને અમુક માલ પર ૫૦૦ ટકા ટેરિફ લાદવા જેવાં આક્રમક પગલાં પણ લીધાં છે. આમ હોવા છતાં બંને નેતાઓ એકબીજા સાથે સમાન વર્તન કરી રહ્યા છે તે હકીકત નોંધપાત્ર તફાવત બનાવે છે. આ મુલાકાતનો સમય મહત્ત્વપૂર્ણ છે. અમેરિકા પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવમાં ફસાયેલું છે. દરમિયાન, ચીન પોતાને સ્થિરતા લાવનાર બળ અને વૈશ્વિક રાજદ્વારીના મુખ્ય સ્તંભ તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. ટ્રમ્પ સાથે શી જિનપિંગની મુલાકાત બેઇજિંગને એ દર્શાવવાની તક પૂરી પાડી છે કે તે વૈશ્વિક કટોકટીના ઉકેલમાં એક આવશ્યક ખેલાડી તથા એક એવી શક્તિ છે, જે સલાહ લેવા યોગ્ય છે. હકીકતમાં શી જિનપિંગે ડોનાલ્ડ ટ્રમ્પને ચીનમાં બોલાવીને પોતાની તાકાત બતાડી છે.

એક તરફ ડોનાલ્ડ ટ્રમ્પના સ્વાગત માટે લાલ જાજમ બિછાવવામાં આવી હતી અને તેમને ૨૧ તોપોની સલામી આપવામાં આવી હતી, તો બીજી તરફ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પોતે તેમનું સ્વાગત કરવા એરપોર્ટ પર પહોંચ્યા ન હતા. શું આ ખરેખર ડોનાલ્ડ ટ્રમ્પનું અપમાન છે? કે પછી આની પાછળ ચીનનો કોઈ ઊંડો રાજદ્વારી પ્રોટોકોલ છુપાયેલો છે? સોશ્યલ મીડિયા પર લોકો કહી રહ્યાં છે કે ડ્રેગને ટ્રમ્પને તેમનું સ્થાન બતાવી દીધું છે. ટ્રમ્પની મુલાકાતની સૌથી નોંધપાત્ર ખાસિયતોમાંની એક રાષ્ટ્રપતિ સાથે આવેલા અમેરિકન બિઝનેસ લીડર્સનું પ્રતિનિધિમંડળ હતું. એલોન મસ્ક અને ટિમ કૂક જેવા બિઝનેસ દિગ્ગજો આ વિશાળ જૂથનો ભાગ હતા, જેઓ તેમના ચીની સમકક્ષો સાથે વાતચીત કરી રહ્યા હતા. આ હાજરી બેઇજિંગને એક મજબૂત આર્થિક તાકાત તરીકે વર્ણવતા સંદેશને મજબૂત બનાવે છે. તે દર્શાવે છે કે અમેરિકન બિઝનેસ હિતો ચીનના બજાર સાથે ઊંડે સુધી જોડાયેલાં છે. આ દૃશ્ય શી જિનપિંગનાં એવા કથનને મજબૂત બનાવે છે કે ચીન વૈશ્વિક વેપાર માટે આવશ્યક છે. રાજકીય ઘર્ષણ છતાં, અમેરિકન કંપનીઓની સફળતા હજુ પણ ચીની ગ્રાહકો અને સપ્લાય ચેઇન સુધી તેમની પહોંચ સાથે ગાઢ રીતે જોડાયેલી છે.

બેઇજિંગમાં લગભગ બે કલાક ચાલેલી પ્રથમ રાઉન્ડની વાટાઘાટો બાદ ટ્રમ્પે ૨૪ સપ્ટેમ્બરના રોજ શી જિનપિંગ અને તેમની પત્નીને વ્હાઇટ હાઉસમાં આમંત્રણ આપ્યું હતું, જેમાં બંને નેતાઓ સંમત થયા હતા કે વૈશ્વિક ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે હોર્મુઝ સ્ટ્રેટ ખોલવું જરૂરી છે. જો કે આ માટે ચીન કોઈ સક્રિય ભૂમિકા ભજવવા તૈયાર થાય તેમ લાગ્યું નહોતું. ડોનાલ્ડ ટ્રમ્પ અને જિનપિંગ વચ્ચે મંત્રણાઓ ચાલી રહી હતી ત્યારે જ હોર્મુઝમાંથી ચીનનું એક ટેન્કર પસાર થઈ રહ્યું હતું.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ડોનાલ્ડ ટ્રમ્પના ચીન પ્રવાસ પહેલાં મીડિયામાં ચર્ચા ચાલી રહી હતી કે ચીન અમેરિકામાં એક ટ્રિલિયન ડોલરનું રોકાણ કરવાનું વચન આપશે. શી જિનપિંગે એવું કોઈ વચન આપ્યું નથી

નવસારી મહાનગરપાલિકા
રસ્તા પર પડેલા બાંધકામનો સામાન ખસેડી સ્કેપીંગ કરવા બાબત.
જાહેર નોટિસ

ના. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ જાહેરનામાં પત્ર ક્રમાંક : KV-01 OF 2025-UDUHD/COC/E-file/18/204/6138/P Section Dt. 01/01/2025 થી નવસારી વિજલપોર નગરપાલિકા તેમજ મોજે : એરૂ, હાંસાપોર, દાંતેજ અને ધારાગીરીનો સમાવેશ કરી નવસારી મહાનગરપાલિકાની રચના કરવામાં આવેલ છે. જેમા નવસારી (શહેર), વિજલપોર, જલાલપોર, જમાલપોર, તિઘરા, ઈટાળવા, ચોવિસી, કાલીયાવાડી, કબીલપોર, છાપરા, વિરાવળ, એરૂ, હાંસાપોર, દાંતેજ અને ધારાગીરીનો સમાવેશ થયેલ છે.

આથી નવસારી મહાનગરપાલિકાની હદમાં જેમના બાંધકામો ચાલુ હોય તેવા તેમજ જેમના બાંધકામો હાલમાં પુરા થયા હોય તેવા તમામ નાગરીકોને જણાવવામાં આવે છે કે, સને-૧૯૪૯ ના ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુ. કોર્પોરેશન એક્ટની કલમ-૨૩૦ તથા કલમ-૨૩૧ માં જાહેર રસ્તા પર કોઈ પણ સામાન / મટીરીયલ્સ ન રાખવા અંગે જોગવાઈ થયેલ છે. જ્યાં જ્યાં બાંધકામો ચાલતા હોય ત્યાં તેમજ જ્યાં જ્યાં બાંધકામો હાલમાં પુરા થયા હોય ત્યાં તમામ જગ્યાએ બાંધકામોનો સરસામાન રસ્તા પર એવી રીતે પડેલ હોય છે કે આવો સામાન મુકવા માટેની જે પરવાનગી આપવામાં આવી હોય છે તેનું પાલન કરવામાં આવતું નથી તેમજ બાંધકામ પુરા થયા હોવા છતાં પણ રસ્તા પર જામી ગયેલ બિલ્ડિંગ મટીરીયલ્સ સ્કેપીંગ કરવામાં આવતુ નથી. પરિણામે ચોમાસા દરમિયાન વરસાદનું પાણી આવા પડી રહેલા સામાનને કારણે સહેલાઈથી વહેતુ નથી અને તેના અટકાવને કારણે વરસાદના પાણીનો ભરાવો અને ગંદકી થાય છે તેમજ રસ્તાઓ પણ તુટી જાય છે. આવી પરિસ્થિતી પેદા ન થાય તે માટે આથી તમામ નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, બાંધકામનો જે સામાન રસ્તા પર પડયો હોય તે તમામ સામાન રસ્તા પરથી હટાવી લેવો અને ચોમાસા દરમિયાન બાંધકામનો સામાન રસ્તા પર મુકવો નહી, તેમજ રસ્તા પર જામી ગયેલ માટી કે બિલ્ડિંગ મટીરીયલ્સ સ્કેપીંગ કરાવી લેવું. આ સુચનાનો અમલ જે નાગરિકો તરફથી તા. ૦૧-૦૬-૨૦૨૬સુધીમાં કરવામાં ન આવશે તો તેમનો રસ્તા પર પડેલો સામાન તેમના હિસાબે અને જોખમે મહાનગરપાલિકા નોટિસ આપ્યા સિવાય ખસેડી જે તે માલિકની મિલકતમાં જ નાંખશે કે ઉપાડી લેશે, રસ્તાનું જરૂરી સ્કેપીંગ કરશે અને તેને માટે થતો ખર્ચ જવાબદાર પાસેથી વસુલ કરશે. આ રીતે માલસામાન ખસેડવાનાં કારણે કોઈને કંઈ પણ જાતનું નુકશાન થશે તો તે અંગેની જવાબદારી જે તે સંબંધિતોની રહેશે તથા જાહેર મિલકતનું નુકશાન કરવા માટે જરૂર જણાયે સંબંધિતો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવા સહિતની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામ સંબંધિતોએ નોંધ લેવી.

તા.૧૬/૦૫/૨૦૨૬

ટાઉન પ્લાનિંગ વિભાગ
નવસારી મહાનગરપાલિકા

માહિતી/નવસારી/૬૧/૨૦૨૬

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ IDFC FIRST Bank
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૯૬૯૮૦૪૧૮	લોન સામે મિલકત	૧. પરમાર ઉમેશકુમાર ૨. પરમાર ચંચળબેન	૧૭.૦૪.૨૦૨૬	રૂા.૪,૩૭,૦૬૦.૯૭

મિલકત નુ સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જેનો મિલકત નં. ૫૬/૩, માપ ૧૪X૫૦ ચો.ફુટ મોજે ગામ ઓવિયાન તા.કામરેજ, જીલ્લો સુરત, ખાતે આવેલ છે. જેની **ચતુર્દિશા : પૂર્વ તરફ :** ખાડી,**પશ્ચિમ તરફ :** ચંદુ બીદુંભાઈ, **ઉત્તર તરફ :** રોડ, **દક્ષિણ તરફ, :** સુરેશભાઈ

આથી તમને **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી અન્ય કોસ્ટ ચાર્જીસ સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એક્ટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તારીખ : ૧૬.૦૫.૨૦૨૬
સ્થળ : સુરત, ગુજરાત

પશ્ચિમ રેલવે ઉધના અને જયનગર વચ્ચે સ્પેશ્યલ ટ્રેન દોડાવશે

ટ્રેન નં	મૂળ સ્ટેશન અને ગંતવ્ય	સેવાની તારીખ	પ્રસ્થાન	આગમન
09045	ઉધના-જયનગર	17.05.2026	૧:૩૦ (રવિવાર)	૧૮:૫૫ (બીજા દિવસે)
09046	જયનગર-ઉધના	18.05.2026	૨૨:૦૦ (મંગળવાર)	૧૨:૨૫ (બુધવાર)

હોલ્ટસ:ચલથાણ, બરડોલી, નંદુરબાર, ભુસાવળ, ખંડવા, ઇટારસી, જબલપુર, કટની, સત્ના, મણિકપુર, પ્રયાગરાજ છોકી, પંડિત દિનદયાલ ઉપાધ્યાય, બક્સર, આરા, પાટલિપુત્ર, સોનપુર, હાજીપુર, મુઝફ્ફરપુર, સમસ્તીપુર, દરભંગા, સાકરી અને મધુબની સ્ટેશનો પર બંને દિશામાં ટ્રેન રોકાશે.

રચના: સ્લીપર અને જનરલ સેકન્ડ ક્લાસ કોચીસ.

ટ્રેન નંબર 09045 માટેનું બુકિંગ 16/05/2026 થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેન વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે ચલાવવામાં આવશે

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટ માટે મૂળ ઓળખ પુરાવા સાથે રાખો.

ગુજરાત સરકાર
નર્મદા, જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઇ-ટેન્ડર નોટીસ નં-૩૯(બીજો પ્રયત્ન) સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજયનાં રાજયપાલશ્રી વતી, કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ યોજના વિભાગ નં.-૪, પહેલો માળ, કરજણ વહીવટી સંકુલ ,રાજપીપલા-૩૯૩૧૪૯ ફોનનં.૦૨૬૧-૨૨૨૮૯૯/૨૨૦૧૩૪ ની કચેરીએથી તેમના તાબા હેઠળના સિંચાઇ યોજના પેટા વિભાગ નંબર-૨૭, રાજપીપલા હસ્તકની નીચે જણાવેલ કામ માટે ઓનલાઇન (ઇ-ટેન્ડરીંગ) પધ્ધતિ થી ગુજરાત રાજયના માર્ગ અને મકાન તથા જળસંપતિ વિભાગ હેઠળ ઈ-૧' વર્ગ અને તેની ઉપરની શ્રેણીમાં નોંધાયેલ માન્ય રજીસ્ટાર્ડ કોન્ટ્રાકટરો પાસેથી SBD ફોર્મના નિયત નમુનામાં ટેન્ડરો મંગાવવામાં આવે છે.

અ. નં	કામનું નામ	કામની અંદાજીત રકમ રૂ. લાખમાં	ટેન્ડર ફી / બાનાની રકમ	કોન્ટ્રાકટર શ્રેણી
(૧)	પ્રોવાઈડીંગ કન્સલ્ટન્સી સર્વિસિસ ફોર પ્રોટેક્સન વર્કસ એટ વિલેજ તિલકવાડા તા-નાંદોદ જી-નર્મદા	૧૯,૬૧,૪૦૨.૦૦/-	૯૦૦/- ૨૦,૦૦૦/-	"ઈ-૧" વર્ગ અને તેની ઉપરની શ્રેણી
(૨)	ટેન્ડર ડાઉન લોડ તેમજ બીડ સબમીશન શરૂ થવા તારીખ અને સમય	તા. ૧૯-૦૫-૨૦૨૬, ૦૦.૦૦ કલાક સુધી		
(૩)	ઓનલાઇન બીડ ભરવાની અંતિમ તારીખ અને સમય	તા. ૨૮-૦૫-૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી		
(૪)	ફીઝીકલ ડોકયુમેન્ટ વિભાગીય કચેરીમાં સાદર કરવાની છેલ્લી તારીખ.	તા. ૦૪-૦૬-૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી		
(૫)	સંપર્ક સાધવાની કચેરીનું સરનામું	કાર્યપાલક ઇજનેરશ્રી સિંચાઇ યોજના વિભાગ નં.૪, પહેલો માળ, કરજણ વહીવટી સંકુલ, રાજપીપલા- ૩૯૩૧૪૯ ફોન નં. ૦૨૬૪૦-૨૨૨૮૯૯ / ૨૨૦૧૩૪		

રાજય સરકારની માહિતી ખાતાની વેબ સાઇટwww.nprocure.com અને www.statetenders.com ઉપર જોવા મળી શકશે.

આ કામઓની વિગતવાર નોટીસ કચેરીના બોર્ડ પર જોવા મળશે,અથવા આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન આ કચેરીનો સંપર્ક સાંધવાથી મળશે.

માહિતી/નર્મદા/૫૧/૨૦૨૬-૨૭